# આઝાદીની કિંમત

– જાગૃતિ રામાનુજ

એક પારધી પક્ષીઓને પિંજરામાં પૂરી બજારમાં વેચવા બેઠો. કોઈ પક્ષી લો, કોઈ પક્ષી લો.

એક માણસ આવ્યો. તેણે પૂછ્યું, 'આ પક્ષીઓની શી કિંમત છે ?'

પારધીએ કહ્યું, 'એકની સો રૂપિયા.'

પેલા માણસે ઘણા રૂપિયા આપી બધાં જ પક્ષી ખરીદી લીધા.

પારધીને રૂપિયા મળવાથીએ રાજી થઈ ગયો. ત્યાં જ પેલા માણસે પિંજરાના બારણા ઉઘાડી એક પછી એક પક્ષીઓને ઉડાડી મૂક્યા. પિંજરામાંથી પક્ષીઓને ઊડતાં જોઈ પારધીએ પૂછ્યું, 'અરે ભાઈ, તમે મૂરખ લાગો છો ? આમ રૂપિયા આપી કાંઈ પક્ષીઓને ઉડાડી મૂકાતાં હશે ? તમે આવું કેમ કરો
છો ?

પેલો માણસ કહે, 'ભાઈ, હું મૂરખ નથી. પણ એક સૈનિક છું. મને લડાઈમાં દુશ્મનોએ કેદ કરેલો હતો. હું હંમેશાં મારી આઝાદી માટે પ્રાર્થના કરતો હતો. છેવટે મને આજે જ આઝાદી મળી છે.



માટે આઝાદીની કિંમત હું સમજી શક્યો છું. એટલે જ તેની ખુશીમાં મેં પિંજરામાં પૂરાયેલા પક્ષીઓને આઝાદ કરી દીધાં. હવે ભલે તેઓ મુક્ત ગગનમાં વિહરે. પેલા માણસની વાત સાંભળીને પારધી ગળગળો થઈ ગયો. પારધીએ કહ્યું, ‘હવે હું પણ પક્ષીઓને કદી પિંજરામાં નહીં પૂરું. આજથી હું કોઈ બીજો ધંધો કરીને કમાઈશ. પેલા માણસ ખુશ થઈ ગયો.

■